
# વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ગૂજરાત વિદ્યાપીઠ રાંધેજા દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું



ગાંધીનગર, તા.૨૨

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ રાંધેજાના ગ્રંથાલયમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી પુસ્તક પ્રદર્શન દ્વારા ઉજવવામાં આવી હતી. આ પ્રદર્શનમાં માતૃભાષાના પુસ્તક ગોઠવવામાં આવ્યાં હતાં. જેનો લાભ સંકુલના વિદ્યાર્થીઓ અને સેવક મિત્રોએ લીધો હતો.પુસ્તક પ્રદર્શનનું આયોજન સંકુલના સંયોજક ડો રાજીવભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગ્રંથાલય વિભાગના સેવક ડો ભરતભાઈ પરમાર, ચિરાગ પરમાર અને બિનલ?બેન શ્રીમાળી દ્વારા પુસ્તકોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

# ઈન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા કેન્સરની અત્યાધુનિક ઉપલબ્ધ સારવાર વિષય પર કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૨

તારીખ ૨૧-૨-૨૦૨૩ મંગળવારે ગાંધીનગર ઈન્ડિયન મેડિકલ એસોસિએશન(ૈસ્છ) ગાંધીનગર બ્રાન્ચ દ્વારા હોટેલ ૫૬ ભોગ ખાતે ગર્ભાશયનું કેન્સર, સ્તન કેન્સર, તંબાકુના સેવનથી થતાં મોંઢા તેમજ જીભનું કેન્સર અને તેની અત્યાધુનિક ઉપલબ્ધ સારવાર વિષય પર ઝસ્ઈ નું આયોજન કરવામાં આવેલ હતું. ગાંધીનગર બ્રાન્ચ ૈસ્છનાં પ્રમુખ ડૉ. બંકિમ મોદી દ્વારા કૅન્સર વિષયનાં નિષ્ણાંત ડૉ. આવા દેસાઈ, ડૉ. રઘુવીર સોલંકી તેમજ યુવા ડૉ.નાહુશ તાહિલિયાનીનું સ્વાગત કરેલ હતું. તજજ્ઞો દ્વારા કેન્સર રોગના નિદાન અને તેની





ઉપલબ્ધ અત્યાધુનિક સારવાર માટે ખુબજ ઊંડાણ પૂર્વક અને વિસ્તૃતમાં સમજણ આપવામા આવેલ હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરના ખાનગી તબીબો, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલના તબીબો તેમજ અન્ય સરકારી હોસ્પિટલમાં સેવા આપતા તબીબો ૭૦ ઉપરાંતની સંખ્યામા હાજર રહી સફળ બનાવેલ હતો. અંતમાં ગાંધીનગર ૈસ્છ બ્રાન્ચના સેક્રેટરી ડૉ. એચ. કે. રાઠોડે આવેલ તમામ તબીબોનો આભાર માની ઝસ્ઈ પૂર્ણ જાહેર કરી હતી.

# લીંબુના ભાવ ૧૦૦ને પાર

## ઉનાળાની શરૂઆતમાં જ લીંબુનો ભાવ ત્રણ ગણો થઈ જતાં ગૃહિણીઓની ચિંતા વધી

ગાંધીનગર, તા.૨૨

વસંત ઋતુના આગમનની સાથે જ ઉનાળાની ઋતુ શરૂ થઈ ગઈ છે ત્યારે ગરમી શરૂ થતાની સાથે જ લીલા શાકભાજીના ભાવમાં નોંધપાત્ર વધારો થતા મધ્યમવર્ગીય ગૃહિણીઓનું કિચન બજેટ ખોરવાઈ જવા પામેલ છે. સામાન્ય રીતે ઉનાળા દરમિયાન આરોગ્યવર્ધક ગણાતા લીંબુના શરબતની ચોતરફ ભારે માંગ રહેતી હોય છે. લોકો ઉનાળાની ગરમીથી રાહત મેળવવા અને સ્વાસ્થ્ય માટે ફાયદાકારક એવા લીંબુનો વધુ પડતો ઉપયોગ કરતા હોય છે. શરીરમાં કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે અને ખાસ કરીને તડકો કે ગરમીને લીધે તબિયત ખરાબ ન થાય તે માટે લીંબુનો સૌથી વધુ ઉપયોગ કરતા હોય છે. ઉનાળાની શરૂઆત થતાની સાથે જ લીંબુનો ભાવ ત્રણ ગણો વધી ગયો હોવાનું સામે આવ્યું છે જેને લઈને ગૃહીઓના બજેટ પર ઉનાળાની શરૂઆતમાં અસર થતી જોવા મળી રહી છે.



વર્તમાન સમયમાં લીંબુના ત્રણ ગણા ભાવ વધારાને લઈને ગૃહિણીઓએ જણાવ્યું છે કે, થોડા દિવસ પહેલા જ લીંબુનો ભાવ રૂપિયા ૫૦ હતો. પરંતુ ઉનાળાની શરૂઆત થતાની સાથે જ લીંબુનો ભાવ ત્રણ ગણો વધીને હાલ રૂપિયા ૧૫૦ રૂપિયા સુધી પહોંચી ગયો હોવાનું સામે આવ્યું છે. ભાવ વધારાને લઈને ગૃહિણીઓનું બજેટ ખોરવાઈ રહ્યું હોવાનું પણ ગૃહિણીઓએ જણાવ્યું છે. ત્યારે ભાવ વધારાની અસર તેમના સંપૂર્ણ બજેટ પર પડી રહી છે - ગૃહિણીઓ

લીંબુનો ભાવ ત્રણ ગણોઃ લીંબુમાં આવેલા ત્રણ ગણા ભાવ વધારાને લઈને વેપારી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આ વર્ષે ઉનાળાની શરૂઆતમાં જ લીંબુનો ભાવ ત્રણ ગણો થયો છે. જેમાં લીંબુની આવક ઓછી હોવાથી તેમજ પૂરતો મોલ આવ્યો ના હોવાને લઈને હરાજીની અંદર પણ ભાવ લીંબુની આવક ઓછી જોવા મળે છે. ઓછી આવક હોવાને લઈને હરાજીમાં પણ લીંબુનો ભાવ વધારે બોલાતા હોવાનું જણાવ્યું છે.

હજી ભાવ વધારો થશેઃ આ સાથે જ થોડા દિવસ પહેલા જે રીતે લીંબુનો ભાવ રૂપિયા ૫૦ હતો તે હાલ રૂપિયા ૧૫૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. વેપારીના જણાવ્યા પ્રમાણે ઉનાળાની સિઝનની અંદર આવનાર દિવસોમાં હજુ પણ ભાવ વધારો યથાવત રહેશે. હજુ પણ ભાવ વધારો થશે તેવું પણ જણાવ્યું છે. ભાવ વધારાને લઈને વેપારીઓના વેપાર પર અને ગૃહિણીઓના બજેટ પર અસર પડી રહી હોવાનું સામે આવ્યું છે. જોકે, હજુ તો ઉનાળો શરૂ થયો નથી એ સમયે આવા હાલ છે તો આવનારા દિવસોમાં ભાવ હજું પણ ખિસ્સાને દઝાડશે એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.

લીંબુના ભાવ રૂપિયા ૧૦૦ને પાર :

સામાન્ય રીતે ઉનાળામાં લીંબુનો વપરાશ વધુ થતો હોય છે. પરંતુ આ વર્ષે ઉનાળાની શરૂઆત થાય તે પહેલાં જ લીંબુનો સ્વાદ ખાટો નહીં પણ કડવો બની ચૂક્યો છે. કારણ કે બજારમાં લીંબુની આવક ઓછી થઈ છે જેની સામે માંગમાં વધારો થયો છે. જેને કારણે લીંબુના ભાવ બમણા થઈ ચૂક્યા છે. વેપારીઓનું કહેવું છે કે, બજારમાં લીંબુની આવક ઓછી અને માંગમાં વધારો થતા હજુ પણ લીંબુ ના ભાવ વધશે. ગરમી પહેલા જ ડબલ એન્જીન સરકારમાં લીંબુ ગૃહિણીઓનું બજેટ ખોરવી નાખશે તેવુ જોવા મળી રહ્યું છે.

કારજાળ ગરમીઃ ઉનાળાની સિઝનમાં લોકો સૌથી વધુ લીંબુનું સેવન કરતાં અને ઠંડા પીણા તેમજ ઉનાળામાં પડી રહેલ કાળઝાળ ગરમી અને તડકાની સામે રક્ષણ મેળવવા લીંબુના રસનું સેવન કર્તા હોય છે. ઉનાળાની સીઝનમાં કોઈપણ બીમારી કે શરીરનું સ્વાસ્થ્ય બગડે નહીં તે માટે લીંબુનું સેવન કરતાં વધુ પડતા જોવા મળે છે. જેમાં ઉનાળાની કાળઝાળ ગરમી કે પછી તડકાથી રાહત મેળવવા લોકો લીંબુ તેમજ ઠંડા પીણામાં લીંબુનો વધુ પડતો ઉપયોગ કરતા જોવા મળે છે. ઉનાળાની શરૂઆતમાં જ લીંબુનો ભાવ ૧૫૦ રૂપિયા સુધી પહોંચ્યો છે ત્યારે ગૃહિણીઓનું બજેટ ખોરવાયું હોવાનું સામે આવ્યું છે.

# બાળ કલાકાર હાર્દ વસાવડા પ્રદેશકક્ષાની કલા મહાકુંભની તબલા સ્પર્ધામાં તૃતિય

ગાંધીનગર, તા. ૨૨

રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા આયોજિત તા. ૨૦ ફેબ્રુઆરી-૨૦૨૩નાં રોજ મહેસાણા ખાતે યોજાયેલ પ્રદેશકક્ષાનાં કલા મહાકુંભ ૨૦૨૨-૨૩ યોજાઈ ગયો જેમાં શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ વિદ્યાલય (સેક્ટર-૨૩) ગાંધીનગરનાં ધો. ૭માં અભ્યાસ કરતા બાળ કલાકાર હાર્દ મોહનીશભાઈ વસાવડાએ ગાંધીનગર જિલ્લાવતી ૬ થી ૧૪ વર્ષ વયજૂથનાં તબલા વાદનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પ્રદેશકક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરી પ્રમાણપત્ર અને રોકડ પારિતોષિક મેળવી ગાંધીનગર જિલ્લાનું ગૌરવ વધાર્યુ છે. ઉલ્લેખનીય છે કે હાર્દ વસાવડાએ ગાંધીનગર જિલ્લા કક્ષાની કલા મહાકુંભમાં પ્રથમ સ્થાન મેળવી પ્રદેશકક્ષાએ તૃતિય ક્રમાંક મેળવ્યો હતો. ગાંધીનગરના બાળ કલાકાર હાર્દ મોહનીશભાઈ વસાવડાનાં જિલ્લા અને પ્રદેશકક્ષાએ તબલાવાદનમાં સુંદર દેખાવ બદલ ગાંધીનગર જિલ્લા રમત ગમત કચેરીના જિલ્લા યુવા વિકાસ અધિકારી, સ્વામીનારાયણ ગુરુકુળનાં રામ સ્વામી તથા શાળા પરિવારે અભિનંદન આપ્યા હતા.

# વિધાનસભા ખાતે ઈન્દુલાલ યાજ્ઞિકની જન્મ જયંતી નિમિત્તે શ્રધ્ધાસુમન અર્પણ કરાયા

ગાંધીનગર, તા. ૨૨

મહાગુજરાત અને પ્રજાકીય આંદોલનના પ્રણેતા શ્રી ઈન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિકની જન્મ જયંતી નિમિત્તે વિધાનસભા પોડિયમમાં આવેલા તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી દ્વારા ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લએ ઈન્દુચાચાને યાદ કરી કહ્યું કે, તેઓએ ગાંધીજી, સરદાર પટેલ સાથે રહી સ્વાતંત્ર્ય સંગ્રામ હેઠળના જુદા જુદા આંદોલનોમાં સક્રિય ભાગ લીધો. તેઓએ કિસાન અને કામદાર પ્રવૃત્તિમાં સક્રિય રીતે જોડાઈ સામાન્ય જનજીવન જીવતા અને મહાગુજરાત આંદોલનના લોકપ્રિય, સંઘર્ષશીલ અને સક્રિય નેતા પણ રહ્યા હતા. આત્મકથા, નવલકથા, વ્યક્તિ-ચરિત્ર-લેખ, ગ્રંથ, અનુભવ-ચિત્રો, પરિચય પુસ્તિકા, સંપાદન ગ્રંથો સહિત સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું બહોળું પ્રદાન રહેલું છે.

આ પ્રસંગે વિધાનસભાના દંડક શ્રી વિજય પટેલ સાથે ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, વિધાનસભાના સચિવશ્રી ડી.એમ.પટેલ સહિત ઉચ્ચ અધિકારીશ્રીઓ-કર્મચારીશ્રીઓએ ઉપસ્થિત રહી તેમના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપી હતી.

# ગાંધીનગરના ખેલાડીનું રાષ્ટ્રીયકક્ષાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન





ગાંધીનગર, તા. ૨૨

તાજેતરમાં ગાંધીનગરના વિદ્યાર્થીએ રાજ્યની ટીમમાંથી જમ્મુ અને કાશ્મીર ખાતે યોજાયેલી સિનિયર નેશનલ રોલબોલ ચેમ્પિયનશીપ ૨૦૨૩માં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરવા સાથે ગુજરાતની ટીમને તૃતીય સ્થાન મેળવવામાં યોગદાન આપ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં બૉયઝ કેટેગરીમાં કુલ ૨૩ ટીમ હતી અને ગર્લ્સ કેટેગરીમાં કુલ ૧૩ ટીમોએ ભાગ લીધો હતો. આ ટૂર્નામેન્ટમાં ગાંધીનગરના ક્રિષ્ના પટેલે પણ સુંદર પ્રદર્શન કરીને બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો જેને તેના કોચ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# શનિવારે જિલ્લા રાજપૂત સમાજના રજતજયંતિ લગ્નોત્સવનું આયોજન

## પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલ? ઉપસ્થિત રહેશે : કુલ ૪૦ વરઘોડિયાં પ્રભુતામાં પગલા પાડશે

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આગામી તારીખ ૨૫મી ફેબ્રુઆરી શનિવારના રોજ વિક્રમ સંવત ૨૦૭૯ના ફાગણ સુદ છઠના શુભ દિવસે ૨૫મા રજત જયંતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.


આ સમૂહ લગ્નોત્સવ ગાંધીનગરના કોલવડા ક-૬ રોડ પરના જય અંબે પાર્ટી પ્લોટ ખાતે યોજાશે. આ પ્રસંગે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા સમારંભના અધ્યક્ષ પદે ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નોત્સવમાં કુલ ૪૦ વરઘોડિયાં પ્રભુતામાં પગલા પાડશે.

રજતજયંતિ લગ્નોત્સવ સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત સરકારના ઉદ્યોગ તથા નાગરિક ઉડ્ડયન મંત્રી બળવંતસિંહ રાજપુત, પૂર્વ પંચાયત મંત્રી જયદ્રથસિંહ પરમાર, વિજાપુરના ધારાસભ્ય ડો. સી. જે. ચાવડા તથા મેઘરજના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે.

સમૂહ લગ્નોત્સવમાં સાણંદના શંકરતીર્થ આશ્રમના સંત પૂજ્ય આનંદનાથજી મહારાજ, ગાંધીનગરના રાંદેસણ ખાતેના ધોળેશ્વર મહાદેવના સંત પૂજ્ય રામસ્વરૂપજી મહારાજ અને ધમાસણાના વિજય હનુમાન આશ્રમના પૂજ્ય વૈદેહીશરણ દંડીબાપુ આશિર્વચન આપવા ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત ગાંધીનગરના ધારાસભ્ય રીટાબેન પટેલ, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા અને પ્રવર્તમાન ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સહિત અન્ય મહાનુભાવો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. સમૂહ લગ્નોત્સવનો પ્રારંભ સવારે ૦૭:૧૫ કલાકે ગણેશ સ્થાપનથી શરૂ થશે.

# આઈઆઈટીનો વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવ 'બ્લિથક્રોન ૨૦૨૩' યોજાયો





ગાંધીનગર, તા.૨૨

આઈઆઈટી-ગાંધીનગર સંસ્થા ખાતે તા.૧૮-૧૯ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય વાર્ષિક સાંસ્કૃતિક ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં ગુજરાત અને સમગ્ર દેશમાંથી વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વર્ષના ઉત્સવમાં 'એરોસોલ'- એક ગ્રેફિટી સ્પર્ધા, અને 'સ્ટ્રીટ બીટ'- બ્લિથક્રોન માટે અનન્ય એકલ નૃત્ય યુદ્ધ જેવા કેટલાક આકર્ષક નવા ઉમેરાઓ સાથે તેના તમામ હસ્તાક્ષર કાર્યક્રમોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ ફ્લેગશિપ ઈવેન્ટ્સમાં, 'પનાચે', 'બી યોર ઓન લેબલ' થીમ સાથેનો ફેશન શો યોજાયો હતો જેમાં કેટલીક ઉત્કૃષ્ટ ડિઝાઈનો સાથે વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. 'સિંક્રો નાઈઝ', એક ફ્લેગશિપ ડાન્સ ઈવેન્ટ હતી જેમાં ટોચની પસંદ કરાયેલ ડાન્સ ટીમોએ બ્લિથક્રોનના સ્ટેજ પર તેમની શ્રેષ્ઠ ચાલ પ્રદર્શિત કરીમબ'અંતરાગ્નિ', એક લોકપ્રિય શેરી નાટક/નુક્કડ નાટક ઈવેન્ટ તેના પ્રેક્ષકોને આશ્ચર્યમાં મૂકી દે છે અને 'યુફોની'માં વિદ્યાર્થીઓ તેમની સોલો-ડ્યુએટ ગીતો ગાવાની પ્રતિભા દર્શાવતા જોવા મળ્યાં હતા. ઉત્સવનું સમાપન ડીજે રાવેટર અને સબલી - ધ બેન્ડ દ્વારા ભવ્ય પ્રદર્શન સાથે થયું હતું.

# આઈઆઈટી-ગાંધીનગર ખાતે 'યુવા સંગમ' કાર્યક્રમનું આયોજન

ગાંધીનગર, તા. ૨૨

ભારત સરકાર દ્વારા "એક ભારત શ્રેષ્ઠ ભારત" પહેલ હેઠળ શિક્ષણ મંત્રાલયની આગેવાની હેઠળના 'યુવા સંગમ' કાર્યક્રમના ભાગ રૂપે આઈઆઈટી-ગાંધીનગરને ગુજરાત અને આસામના યુવાનો માટે એક્સપોઝર મુલાકાતોની સુવિધા માટે ગુજરાતમાં નોડલ સંસ્થા તરીકે નિયુક્ત કરવામાં આવી છે. આ કાર્યક્રમનો ઉદ્દેશ ઉત્તર-પૂર્વીય રાજ્યો અને બાકીના ભારતના યુવાનો વચ્ચે નાગરિકો-થી-નાગરિકોને જોડવાનો અને સહાનુભૂતિ વધારવાનો છે. આ અંતર્ગત આયોજિત "યુવા સંગમ" કાર્યક્રમનો ઉદ્દ્ઘાટન સમારોહ અને ઓરિએન્ટેશન પ્રોગ્રામ તા.૨૪ ફેબ્રુઆરીના રોજ આઈઆઈટી-ગાંધીનગરના ડિરેક્ટર પ્રોફેસર રજત મૂનાની હાજરીમાં યોજાશે.

આ પહેલના ભાગરૂપે, ગુજરાતના ૫૩ વિદ્યાર્થીઓ અને ઑફ-કેમ્પસ યુવાનો આસામની મુલાકાત લેશે, અને આસામના ૧૮ વિદ્યાર્થીઓ અને ઑફ-કેમ્પસ યુવાનો તેમના સંબંધિત રાજ્ય અધિકારીઓ સાથે એક સપ્તાહ માટે ગુજરાતની મુલાકાત લેશે જેઓ સંસ્કૃતિ, કળા, જીવન અને સીમાચિહ્નો પ્રત્યે ઈમર્સિવ બહુ-પરિમાણીય એક્સપોઝર મેળવશે અને આ રાજ્યોના યુવાનો સાથે જોડાશે.

# લો બોલો.. વરઘોડિયાં વિદેશમાં ને વાજાં વાગશે વતનમાં...!!

## વર-કન્યા વિદેશમાં રજીસ્ટર મેરેજ કરશે અને અહીં ગામમાં માંડવો રોપાશે અને ગણેશ સ્થાપન, ગ્રહશાંતિ સાથે ભોજન સમારંભ પણ યોજાશે : જેના લગ્ન છે તે ખુદ વરઘોડિયાં "ઓનલાઇન" હાજરી આપશે અને મહેમાનો રૂબરૂ લગ્નમાં મ્હાલશે

ગાંધીનગર, તા. ૨૨

"ભેંસ ભાગોળે અને છાશ છાગોળે" કહેવત તો સૌએ સાંભળી જ હશે પરંતુ હવે એક નવી કહેવત રચાવા જઈ રહી છે જેમાં "વરઘોડિયાં વિદેશમાં ને વાજાં વગાડે વતનમાં" બોલાવા લાગશે. ગાંધીનગર જિલ્લામાં પુરબહારમાં ખીલેલી લગ્નસરાંની સીઝનમાં એક એવાં પણ લગ્ન યોજાવા જઈ રહ્યાં છે જેના વરઘોડિયાં વિદેશમાં છે અને ત્યાં તેઓ કોર્ટ રજીસ્ટર લગ્ન કરવાના છે પરંતુ તેમના લગ્નનો માંડવો અહીં તેમના વતનના ગામમાં બંધાવાનો છે. એટલું જ નહીં પરંતુ આ માંડવે ગણેશ પણ બેસાડાશે અને ગ્રહશાંતિ પણ યોજાશે તેમજ સાજન-માજન વાજતે ગાજતે પધારશે અને રૂડાં સજ્જ થઈને મિઠાઈ પકવાન પણ આરોગશે પછી ચાંલ્લો-ભેટ પણ લખાવશે.

કોરોના મહામારીના સમયમાં ચોતરફ "ઓનલાઈન"નું મહત્વ વધી ગયું છે અને બાળકના નામકરણથી માંડીને સ્મશાનની અંતિમક્રિયા સુધીના પ્રસંગો સગા-સંબંધીઓ મોબાઈલ પર "લાઈવ" જોઈ લે તે વાત સામાન્ય બનતી જાય છે. જોકે અત્યાર સુધી તો જે સ્નેહીજન રૂબરૂ હાજરી આપવા સક્ષમ ના હોય તે આ રીતે "ઓનલાઈન" હાજરી પુરાવે તે સુધી આ બાબત સિમિત હતી પરંતુ હવે તો જેનો પ્રસંગ છે તે પોતે જ હાજર ના હોય અને તેના પ્રસંગની વિધિ યોજાય જેમાં મહેમાનોની હાજરી હોય તેવું પણ થવા જઈ રહ્યું છે. ગાંધીનગર જિલ્લાના એક ગામમાં એવા લગ્ન પ્રસંગ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં જેના લગ્ન છે તે વરઘોડિયાં કેનેડા ખાતે રહે છે અને ત્યાં તેઓ કોર્ટ રજીસ્ટર મેરેજ કરવાના છે, પરંતુ તેમના કુટુંબીજનો જેઓ અહીં વતનના ગામમાં તેમના લગ્નપ્રસંગના ગાણાં ગાશે. એટલું જ નહીં, પરંતુ અહીં સંપૂર્ણ વિધિ વિધાન મુજબ માંડવો રોપવાનું, ગણેશ સ્થાપન કરવાનું અને ગ્રહશાંતિનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ સાથે લગ્ન પ્રસંગે ભોજન સમારંભનું આયોજન પણ ભારે ઠાઠમાઠથી કરવામાં આવ્યું છે જેમાં જ્ઞાતિના તમામ સગા સંબંધીઓ સહિત ગામના ઓળખીતા પાળખીતા અને અન્ય મિત્રો વગેરેને કંકોત્રી છપાવીને આમંત્રણ પહોંચાડવામાં આવ્યું છે. આ પહેલા લગ્ન હશે કે જેમાં જેના લગ્ન છે તે ખુદ વરઘોડિયાં હાજર નહીં હોય અને તેમના પ્રસંગો પરિવારજનો દ્વારા સંપન્ન કરવામાં આવશે જેને વરઘોડિયા "ઓનલાઈન" માણશે.

### આજે સે. ૨-સી માં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૨૨

માં મેલડી આનંદ ગરબા મંડળ, સેક્ટર-૩-સી દ્વારા આનંદનો ગરબો સે. ૨-સી, પ્લોટ નં. ૮૮૪/૨, ઘ-૨ સર્કલ પાસે, ગાંઠીયારથની પાછળ ૨૩ તારીખના રોજ બપોરે ૨ થી ૫ કલાક યોજાશે. સર્વે ભાવિકભક્તોને પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતુ.

### ગાંધીનગર જિલ્લાના નાગરિકો માટે

## અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના અંતર્ગત એક દિવસીય તાલીમનું આયોજન

ગાંધીનગર, તા.૨૨

કિચન ગાર્ડન, ટેરેસ ગાર્ડન, બાલ્કની ગાર્ડન કરતા નાગરિકો માટે ‘‘અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ યોજના’’ અંતર્ગત ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૩ ના રોજ શુક્રવારે એક દિવસીય તાલીમ ઉમિયા મંદિર, સેક્ટર-૧૨ ખાતે સવારે ૧૧.૦૦ થી ૫.૦૦ સુધી યોજાનાર છે. જેમાં તાલીમ દરમિયાન સર્ટિફિકેટ અને સાહિત્ય કિટ પૂરી પાડવામાં આવશે. તાલીમ ગવર્મેન્ટ તરફથી છે, જેમાં ભાઈઓ તથા બહેનો બધા જ ભાગ લઈ શકે છે. જેમાં ટેરેસ પર નાગરિકો જાતે ઓર્ગેનિક શાકભાજી વાવી શકે તે માટે તાલીમનો લાભ લેવા બાગાયત નાયબ નિયામકની કચેરી દ્વારા નાગરિકોને અનુરોધ કરાયો છે

# દેશમાં સહકારી આંદોલનને મજબૂત બનાવવું અને તળિયાના તળિયા સુધી તેની પહોંચને વધુ મજબૂત બનાવવી

ગાંધીનગર, તા.૨૨

સહકારી ચળવળ એ ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે. અત્યારે દેશમાં આશરે ૨૯ કરોડ લોકો સહકારી ક્ષેત્ર સાથે સીધાં જોડાયેલાં છે. સહકારી મંડળીઓ, ખાસ કરીને કૃષિ, ડેરી અને મત્સ્યપાલન ક્ષેત્રોમાં ગ્રામીણ વસ્તીને માત્ર આજીવિકાની તકો જ નહીં, પરંતુ સમુદાય-આધારિત અભિગમ સાથે નાણાકીય સલામતીની જાળ પણ પૂરી પાડે છે. ૧૩ કરોડના સભ્ય આધાર સાથે પ્રાઈમરી એગ્રિકલ્ચરલ ક્રેડિટ સોસાયટીઝ (પીએસીએસ) દેશમાં ટૂંકા ગાળાના સહકારી ધિરાણ (એસટીસીસી) માળખાનું સૌથી નીચું સ્તર ધરાવે છે, જે ટૂંકા ગાળાની અને મધ્યમ ગાળાની ધિરાણ અને અન્ય ઈનપુટ સેવાઓ પૂરી પાડે છે, જેમ કે બીજ, ખાતર, જંતુનાશકોનું વિતરણ વગેરે. સભ્ય ખેડૂતોને. આ બેંકોને નાબાર્ડ દ્વારા ૩૫૨ જિલ્લા કેન્દ્રીય સહકારી બેંકો (ડીસીસીબી) અને ૩૪ રાજ્ય સહકારી બેંકો (એસટીસીબી) મારફતે પુનઃધિરાણ આપવામાં આવે છે. આશરે દોઢ કરોડ સભ્યો ધરાવતી પ્રાથમિક ડેરી સહકારી મંડળીઓ ખેડૂતો પાસેથી દૂધની ખરીદી, દૂધ પરીક્ષણની સુવિધા, પશુઆહાર વેચાણ, વિસ્તરણ સેવાઓ વગેરેમાં સંકળાયેલી છે. આશરે ૩૮ લાખ સભ્યો ધરાવતી પ્રાથમિક મત્સ્યપાલન સહકારી મંડળીઓ, સમાજના સૌથી વધુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા વર્ગોમાંના એકને સેવા પૂરી પાડે છે, તેમને માર્કેટિંગ સુવિધાઓ પૂરી પાડે છે, માછીમારીનાં સાધનો, માછલીનાં બિયારણ અને આહારની ખરીદીમાં મદદ કરે છે અને મર્યાદિત ધોરણે સભ્યોને ધિરાણની સુવિધા પણ પ્રદાન કરે છે. જો કે, હજી પણ છે ૧.૬ લાખ પંચાયતો પી.એ.સી.એસ. વિનાની છે અને લગભગ ૨ લાખ પંચાયતો કોઈપણ ડેરી સહકારી મંડળી વિનાની છે. દેશના ગ્રામીણ અર્થતંત્રને ટકાવી રાખવામાં આ પ્રાથમિક સ્તરની સહકારી મંડળીઓએ ભજવેલી મહત્ત્વની ભૂમિકાને ધ્યાનમાં રાખીને દેશમાં સહકારી ચળવળને વધુ મજબૂત બનાવવા, તળિયા સુધી તેની પહોંચ વધુ ઊંડી બનાવવા અને તમામ પંચાયતો/ગામડાંઓને આવરી લેવા માટે આ પ્રકારની સોસાયટીઓ સ્થાપીને તેમના ત્રાંસા વિતરણને પહોંચી વળવા સહિયારા પ્રયાસો કરવાની જરૂર છે.